# વિષય - પર્યાવરણ ૧૧. વાડીમાં

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. પોતાની આસપાસનાં ફૂલોની વિવિધતાં અને ઉપયોગિતાં અને વનસ્પતિનાં મહત્વનાં અંગ મૂળ વિશે જાણે.

**પ્રશ્ન-૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) કયું ફૂલ રાતે જ ખીલે છે ?.....................................

(અ) સૂર્યમૂખી (બ) રાતરાણી (ક) જાસૂદ (ડ) કમળ

(૨) કયા ફૂલનો ઉપયોગ પૂંજા માટે, ઔષધિ મેળવવા માટે, અત્તર બનાવવા અને સુશોભન માટે થાય છે ?..........

(અ) ગલગોટો (બ) મોગરો (ક) ચમેલી (ડ) ગુલાબ

(૩) કયુ ફૂલ વેલા પર થાય છે?..............................

(અ) મધુમાલતી (બ) ગલગોટો (ક) બારમાસી (ડ) ચંપો

(૪) કયુ ફૂલ અમુક મહિનાઓમાં જ ખીલે છે ?..............................

(અ) ગુલાબ (બ) કમળ (ક) મોગરો (ડ) ગલગોટો

(૫) કયુ ફૂલ પાણીમાંના છોડ પર થાય છે ?...............................

(અ) કમળ (બ) ચમેલી (ક) મોગરો (ડ) ચંપો

(૬) કયુ ફૂલ વૃક્ષ પર થાય છે અને તેમાંથી રંગ બને છે ?.................................

(અ) જાસૂદ (બ) સૂર્યમૂખી (ક) ચંપો (ડ) કેસૂડો

(૭) નીચેનામાંથી કયુ શાકભાજી મૂળ નથી ?.................................

(અ) ગાજર (બ) કોબીજ (ક) મૂળો (ડ) બીટ

(૮) નીચેનામાંથી કયા ફુલમાંથી અત્તર બનતું નથી ?...............................

(અ) ગુલાબ (બ) જાસૂદ (ક) મોગરો (ડ) ચમેલી

(૯) કયુ ફૂલ લાલ, પીળા, સફેદ, ગુલાબી, પીળા, કેસરી જેવા વિવિધ રંગમાં થાય છે ?.........................

(અ) ગુલાબ (બ) ચંપો (ક) ધંતૂરો (ડ) ગલગોટો

(૧૦) કયા વૃક્ષની ડાળીઓમાંથી મૂળ ફૂટે છે ?.............................

(અ) લીમડો (બ) પીપળો (ક) ખેર (ડ) વડ

(૧૧) કયા ફૂલનો ઉપયોગ ખોરાક તરીકે થાય છે ?........................................

(અ) ગલગાટો (બ) સૂર્યમૂખી (ક) જાસૂદ (ડ) કરેણ

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) ફૂલોના ઉપયોગો લખો. ..........................................................................................................................

..........................................................................................................................................

..............................................................................................................................................

(૨) કયા કયા ફૂલોનો ઉપયોગ પૂંજા અને સુશોભન માટે થાય છે ?..............................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

(૩) કયા કયા ફૂલોમાંથી સુંગધિત દ્રવ્ય (અત્તર) બને છે ?..............................................................................

..............................................................................................................................................

(૪) ફૂલ અને કળી વચ્ચે તમને શું તફાવત જોવા મળે છે ?..............................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

(૫) મોટા વૃક્ષો ભારે પવનમાં પણ કેમ પડી જતાં નથી ?.............................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

(૬) વૃક્ષો પર કયા કયા પ્રાણીઓ રહે છે ?..............................................................................................

..............................................................................................................................................

(૭) દિવાલમાં છોડ કેવી રીતે ઉગતો હશે ?..............................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

**પ્રશ્ન- ૩. નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખોટા શબ્દને છેકી નાખો.**

(૧) વૃક્ષ / છોડ ના મૂળ જમીનમાં ઊંડે સુધી વિસ્તરેલા હોય છે.
(૨) આંબા / લીમડા ના ફૂલોનો રસ કાઢીને દવા તરીકે પીવામાં આવે છે.
(૩) કળી / પાંદડાં માંથી ફૂલ ખીલે છે.
(૪) સૂર્યમૂખી / ગલગોટા નું ફૂલ સૂર્યની સામે ખીલે છે.
(૫) વનસ્પતિમાં ડાળીઓ અને પર્ણો સુધી પાણી પહોંચાડવાનું કામ પ્રકાંડ / મૂળ કરે છે.
(૬) બટાકા / ગાજર મૂળ છે.

**પ્રશ્ન-૪. બંધબેસતાં જોડકાં જોડો.**

| વિભાગ - અ | ઉત્તર | વિભાગ _ બ |
|---|---|---|
| ૧. ગુલકંદ | ૧. ......................... | (અ) સૂર્યમૂખી |
| ૨. ખાદ્યતેલ | ૨. ......................... | (બ) રાતરાણી |
| ૩. વેલા પર ખીલતું | ૩. ......................... | (ક) ગુલાબ |
| ૪. રાત્રે જ ખીલતું | ૪. ......................... | (ડ) લીમડાનો મૉર(ફૂલ) |
| ૫. વૃક્ષ પર ખીલતું અને ઔષધિ આપતું | ૫. ......................... | (છ) બોગનવેલ |